ક્રમાંક :- મકવ/પ.૨/૨૦૨૨/ ૬૪૯૯-૫૫૪

કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં- ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા, ગાંધીનગર
તા. ૨૧/૧૧/૨૦૨૨

**પરિપત્ર :**

આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આજ્ઞાનુસાર સૂચના આપવામાં આવે છે કે, આપના નિયંત્રણ હેઠળની સરકારી સંસ્થાઓ/કચેરીમાં આચાર્ય સંવર્ગ (ગુ.શિ.સેવા વર્ગ-૨, વ.શા) અને બિન શૈક્ષણિક સંવર્ગમાં વર્ગ-૩ના હોદ્દા પર ફરજ બજાવી વયનિવૃત/સ્વૈ.નિવૃતિ થનાર સરકારી અધિકારી/ કર્મચારીઓના પેન્શન કેસ અધિકૃતિ કરવા માટેની નિયમોનુસારની કાર્યવાહી દ્વારા સમયસર પેન્શન મળી રહે તે માટે અગાઉ અત્રેની કચેરી દ્વારા સૂચનાઓ આપેલ છે. તેમ છતાં અનુભવે જણાયું છે કે વયનિવૃત/સ્વૈ.નિવૃતિ થનાર કર્મચારીઓના પેન્શન કેસ અંગેની કાર્યવાહી નિશ્ચિત સમયે કરવામાં આવતી નથી. તેમજ કેટલાક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા કર્મચારી/અધિકારીઓની વયનિવૃત/સ્વૈ.નિવૃતિ અંગેની દરખાસ્ત અને Form-22 ચકાસણી કર્યા વગર વયનિવૃત/સ્વૈ.નિવૃતિની પાત્રતાના પ્રાંરભની તારીખના માત્ર એક અઠવાડિયા અગાઉ અથવા તો સાવ ટૂંકી મુદતમાં મોકલી આપે છે. જે ઉચિત નથી.

આથી પુનઃ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આજ્ઞાનુસાર સૂચના આપવામાં આવે છે કે તેમના નિયંત્રણ હેઠળની સરકારી સંસ્થાઓ/કચેરીમાં આચાર્ય સંવર્ગ (ગુ.શિ.સેવા વર્ગ-૨, વ.શા) અને બિન શૈક્ષણિક સંવર્ગમાં વર્ગ-૩ના હોદ્દા પર ફરજ બજાવી વયનિવૃત/સ્વૈ.નિવૃતિ થનાર સરકારી અધિકારી/ કર્મચારીઓના પેન્શન કેસ અધિકૃતિ કરવા માટેની કાર્યવાહી ઝડપથી થાય તે માટે કર્મચારી/અધિકારીઓની વયનિવૃત/સ્વૈ.નિવૃતિ /Form-22 મેળવવા અંગેની દરખાસ્ત સંપૂર્ણ ચકાસણી કરીને આ અંગેના આધારો સહિત ઓછામાં ઓછા એક મહિના પહેલા અત્રેની કચેરીમાં રજૂ કરવા આથી જણાવવામાં આવે છે. સદર બાબતની સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ ખાસ ગંભીર નોંધ લેવી.

જેથી હવે પછી આવી બાબતો પરત્વે પત્રવ્યવહાર ન કરવો પડે તથા આપના નિયંત્રણ હેઠળના દરેક સરકારી અધિકારી /કર્મચારીઓને સમયસર પેન્શન અને આનુષાંગિક લાભો મળી રહે તે માટે સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી સબંધિત કચેરીના વડાની અંગત રહેશે. તથા નિવૃત સરકારી કર્મચારીના કિસ્સામાં થનાર વિલંબ તથા તેના લીધે કોર્ટ કેસ , વિલંબિત ચૂકવણીના વ્યાજ વિગેરેના પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની જવાબદારી જે તે અધિકારી/કર્મચારી/કચેરીના વડાની રહેશે.

સદર પરિપત્ર આપના હસ્તક અને તાબાની તમામ કચેરીઓ /સંસ્થાઓને પરિપત્રથી જાણ કરશો.

આ હુકમનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે

૯૯૧ "નોંધ પર માન.નિયામકશ્રીની મળેલ મંજૂરી અનુસાર"

(સહી)
નાયબ શિક્ષણ નિયામક

જા.નં./મકમ/પરિપત્ર/૨૦૨૨/ ૨૮૦૩૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩,જિલ્લા સેવા સદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૨/૧૧/૨૦૨૨

પ્રતિ.
સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
સુરત.

ઉપર્યુક્ત પરિપત્ર જાણ તથા અમલવારી સારૂં.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિ.સુરત

Scanned by CamScanner